**અહેવાલ સભાગૃહમાં રજૂ થયા**
**તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૨૪**

# અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ત્રીજો અહેવાલ

### ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

(વિભાગ હસ્તકના નિગમોમાં અનુસૂચિત જાતિઓના ઉમેદવારોનું પ્રતિનિધિત્વ)

**ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત**
ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
ઓગસ્ટ, ૨૦૨૪

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (સન ૨૦૨૪–૨૦૨૫)

### પ્રમુખશ્રી

શ્રી ઈશ્વરભાઈ પરમાર

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી જીગ્નેશ મેવાણી
શ્રી કરશનભાઇ સોલંકી
શ્રીમતી દર્શના વાઘેલા
શ્રી પરસોત્તમભાઈ પરમાર
શ્રી મેઘજીભાઇ ચાવડા
શ્રી પ્રદ્યુમન વાજા
મહંત શ્રી શંભુનાથ ટુંડિયા
શ્રીમતી મનીષા વકીલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી મૃગેશ એસ. દવે, ઉપસચિવ

શ્રી એચ. કે. બાગી, સેકશન અધિકારી

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## (સન ૨૦૨૩-૨૦૨૪)

### પ્રમુખશ્રી

શ્રી ઈશ્વરભાઈ પરમાર

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી જીગ્નેશ મેવાણી
શ્રી કરશનભાઈ સોલંકી
શ્રીમતી દર્શના વાઘેલા
શ્રી પરસોત્તમભાઈ પરમાર
શ્રી મેઘજીભાઈ ચાવડા
શ્રી પ્રદ્યુમન વાજા
મહંત શ્રી શંભુનાથ ટુંડિયા
શ્રીમતી મનીષા વકીલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, નાયબ સચિવ

શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ, સેકશન અધિકારી

**અહેવાલ**

હું, અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ પંદરમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

૨. સમિતિએ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકના વિવિધ નિગમોની કચેરીઓમાં અનુસૂચિત જાતિઓના ઉમેદવારોના પ્રતિનિધિત્વ બાબતે તપાસ હાથ ધરવાનું નક્કી કર્યું હતું. આ સંબંધમાં વિભાગ પાસેથી સાહિત્ય મંગાવ્યું હતું. વિભાગે તા. ૨૯/૦૯/૨૦૧૮, તા. ૨૩/૧૨/૨૦૨૧ અને તા. ૨૫/૦૭/૨૦૨૩ના પત્રોથી સમિતિને સાહિત્ય પૂરૂ પાડ્યું હતું. સમિતિએ વિભાગ તરફથી મળેલ સાહિત્ય સંબંધમાં તા.૨૫/૦૭/૨૦૨૩ અને તા. ૦૮/૦૮/૨૦૨૩ ના રોજ બેઠકો યોજીને રૂબરૂ તપાસ હાથ ધરી હતી. સમિતિએ ઉક્ત સાહિત્યની કરેલ તપાસ સંબંધમાં અવલોકનો/ભલામણો આ અહેવાલમાં દર્શાવેલ છે.

૩. આ અહેવાલ સમિતિએ તેની તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં ચર્ચા વિચારણા કરીને સર્વાનુમતે મંજૂર કર્યો હતો.

## ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL)

૪. સમિતિની તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) માં વિવિધ સંવર્ગમાં મંજૂર મહેકમમાં અનુસૂચિત જાતિના ઉમેદવારની જગ્યાઓ બાબતે સમિતિએ પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરામાં વર્ગ –૧, વર્ગ–૨, વર્ગ–૩ તથા વર્ગ–૪ નું કુલ ૩૦૫ નું મહેકમ મંજૂર થયેલું છે. તેમાં ૬૩ જગ્યાઓ સીધી ભરતીથી, ૭૩ જગ્યાઓ બઢતી અને ૧૨૦ જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવામાં આવેલ છે. ઠરાવેલ ટકાવારી પ્રમાણે વર્ગ–૧ થી વર્ગ–૪ માટે મંજૂર મહેકમમાં અનુસૂચિત જાતિની સીધી ભરતીથી ભરવાપાત્ર જગ્યાઓ કરતા ખરેખર ભરાયેલ જગ્યાઓ વધારે છે.

૫. સમિતિએ રોસ્ટર રજિસ્ટરની નિભાવણી બાબતમાં પૃચ્છા કરી હતી, જેના પ્રત્યુત્તરમાં વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ હતું કે, રોસ્ટર રજિસ્ટર નિભાવવામાં આવે છે. વધુમાં, વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ હતું કે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ તેની ૬ સબસિડરીઝ કંપનીઓમાંથી પ્રતિનિયુક્તિ પર

નિમણૂક કરે છે, પરંતુ આ જગ્યાઓનું રોસ્ટર જે–તે સબસિડરીઝ કંપની દ્વારા જ નિભાવવામાં આવે છે. પ્રતિનિયુક્તિથી જગ્યાઓ ભરવાથી જે–તે કંપનીની કામગીરી પર શી અસર થાય તે સંબંધમાં સમિતિએ પૃચ્છા કરતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ હતું કે, પાવર સ્ટેશનમાં મહેકમ વધારે હોવાથી અમુક જગ્યાએ ફરજ બજાવતા અધિકારીઓને તેમાંથી પ્રતિનિયુક્તિ પર નિમણૂક કરી લાવવામાં આવે છે. કારણ કે, ફીડર કેડરમાં જુનિયર ઇજનેરને બઢતી આપી શકાય તેટલી જગ્યાઓ નિગમના મહેકમ પર ઉપલબ્ધ નથી. આ ઉપરાંત, ગુજરાત ઊર્જા વિકાસ નિગમએ હોલ્ડિંગ કંપની હોઈ પોતાની સહાયક કંપનીઓ વતી વધારાના કાર્યબોજનું વહન પણ કરે છે.

૬. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડમાં તેના હસ્તકની કંપનીઓમાંથી કર્મચારીઓ લાવવા સંબંધમાં વિભાગે સમિતિને જણાવેલ કે, નિગમ હેઠળ ૪ વીજ વિતરણ કંપનીઓ, ૧ જનરેશન કંપની અને ૧ ટ્રાન્સમિશન કંપની છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમે ઠરાવ કર્યો છે કે હવે અલગથી ભરતી કરવામાં આવશે નહીં અને જરૂરિયાત મુજબ સહાયક કંપનીઓમાંથી કર્મચારીઓ પ્રતિનિયુક્તિથી લેવામાં આવશે. નિગમ પાસે ફિડર કેડરમાં મહેકમ પિરામીડ ઉપલબ્ધ નથી. વળી, સહાયક કંપનીઓમાંથી આવતા કર્મચારીઓ નિગમમાં તેમના ક્ષેત્ર સાથે સંકળાયેલ જવાબદારીઓ વધુ સારી રીતે નિભાવી શકે છે.

૭. સમિતિએ પ્રતિનિયુક્તિથી કરાયેલી ભરતીમાં ૭ ટકાનો રેશિયો જાળવવા બાબતે પૃચ્છા કરતા જણાવેલ કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પ્રતિનિધિ સાથે તમામ રોસ્ટરનું ચેકિંગનું કામ પૂર્ણ કરેલ છે તેમ જ ચાર વીજ વિતરણ કંપનીઓ, જી.યુ.વી.એન.એલ. અને જેટકોમાંથી ફક્ત પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના મહેકમની રોસ્ટર ચકાસણી કરવાની કામગીરી બાકી છે.

૮. સમિતિએ વિભાગને ગુજરાત ઊર્જા વિકાસ નિગમમાં પ્રતિનિયુક્તિ પર ભરાયેલ ૩૮ જગ્યાઓના મૂળ મહેકમમાં રોસ્ટર જળવાયું છે એની ખાતરી વિભાગ કરે અને સમિતિને તેની જાણ કરવા જણાવેલ હતું. **તદ્અનુસાર ઠરાવેલ અનામતની ટકાવારી અનુસાર સીધી ભરતી હોય કે બઢતી હોય અનુસૂચિત જાતિનો ૭ ટકાનો જે રેશિયો છે તે જળવાઈ રહે તે માટે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા માટે સમિતિ ભલામણ કરે છે.**

## ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (GSPCL)

૯. સમિતિની તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (GSPCL) માં વિવિધ સંવર્ગમાં મંજૂર મહેકમમાં અનુસૂચિત જાતિના ઉમેદવારની જગ્યાઓ બાબતે સમિતિએ પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિઓએ જણાવેલ કે, હાલમાં કુલ મંજૂર મહેકમ ૨૭૨ છે, જેમાંથી ૫૨ જગ્યાઓ સીધી ભરતીથી તથા ૮૩ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ છે. નીતિવિષયક નિર્ણય લેવામાં આવ્યો છે કે કંપની પર ખર્ચનું ભારણ ઘટાડવા માટે સન ૨૦૧૫ થી સીધી ભરતી બંધ કરાઈ છે અને કંપનીનું અમુક કામકાજ અન્ય સમકક્ષ કંપનીઓને સોંપી દેવામાં આવ્યું છે.

૧૦. સમિતિએ રોસ્ટર પ્રમાણે ભરતી કરવા સંબંધમાં કામગીરીની વિગતો માંગતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ માહિતી આપી હતી કે, મેનેજર અને આસિસ્ટન્ટ મેનેજર સંવર્ગના મંજૂર મહેકમ અને અનુસૂચિત જાતિના ઉમેદવારોની ભરાયેલ જગ્યાઓ સંબંધિત્ માહિતી આપી હતી. વધુમાં જણાવ્યું હતું કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી રોસ્ટર રજિસ્ટરની ચકાસણી થાય છે અને રોસ્ટર પોઈન્ટ પ્રમાણે બઢતીની જગ્યા આવે તો તે પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવે છે. ભવિષ્યમાં ભરતી થાય તો રોસ્ટર પ્રમાણે જ થશે તેની વિભાગ/નિગમના પ્રતિનિધિઓએ ખાતરી આપી હતી.

૧૧. **આથી, સમિતિ ભલામણ કરે છે કે, રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરી અદ્યતન રોસ્ટર રજિસ્ટર અંગે સમિતિને જાણ કરવામાં આવે અને ગુજરાત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડમાં તમામ સંવર્ગમાં રોસ્ટર મુજબ ખાલી રહેલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે.**

## ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ (GSPL)

૧૨. સમિતિની તા.૨૫/૦૭/૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડમાં વિવિધ સંવર્ગમાં મંજૂર મહેકમ સંબંધમાં સમિતિએ પૃચ્છા કરતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, કંપનીના મંજૂર મહેકમ ૨૫૬ પૈકી સીધી

ભરતીની ૮૭ જગ્યાઓ અને બઢતીની ૧૬૯ જગ્યાઓ ભરાયેલી છે. ઠરાવેલ ટકાવારી મુજબ અનુસૂચિત જાતિના ઉમેદવારોથી સીધી ભરતીની ભરવાપાત્ર ૮ જગ્યાઓ અને બઢતીથી ભરવાપાત્ર ૪ જગ્યાઓ આવે છે.

૧૩. સમિતિએ સીધી ભરતી હાલમાં ન થતી હોઇ બઢતીથી ભરવામાં આવેલ જગ્યાઓ સામે અનુસૂચિત જાતિના ઉમેદવારો દ્વારા ભરાયેલ જગ્યાઓ અંગે પૃચ્છા કરી હતી. આ અંગે વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, અલગ અલગ સંવર્ગમાં અનુસૂચિત જાતિના ૬ ટકાથી ૧૮ ટકા રેશિયોમાં જગ્યાઓ ભરવામાં આવેલ છે.

૧૪. **અનામતની ટકાવારી અનુસાર સીધી ભરતી હોય કે બઢતી હોય, અનુસૂચિત જાતિનો ૭ ટકાનો જે રેશિયો છે તે જળવાઈ રહે તે માટે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા માટે સમિતિ ભલામણ કરે છે.**

## ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL)

૧૫. સમિતિની તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) ના વિવિધ સંવર્ગના મહેકમમાં ખાલી જગ્યાઓ બાબતે પૃચ્છા કરતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, હાલમાં નિયત જોગવાઈઓ અનુસાર વર્ગ–૪ માં હેલ્પરની ફક્ત ૨ જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ બાબતે નામદાર વડી અદાલતમાં કેસ પડતર હોવાથી જગ્યાઓ ભરી શકાઇ નથી તેમ વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ હતું.

૧૬. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના મહેકમ સંબંધિત વધારે માહિતી આપતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, વર્ગ–૧ માં સીધી ભરતી અને બઢતીથી ૮ ટકા જગ્યાઓ અનુસૂચિત જાતિના ઉમેદવારોથી ભરાયેલ છે. તે જ રીતે વર્ગ–૨ માં ૯ ટકા જગ્યાઓ સીધી ભરતીથી અને ૧૯ ટકા જગ્યાઓ બઢતીથી તેમજ વર્ગ–૩ માં ૯ ટકા જગ્યાઓ સીધી ભરતીથી અને ૧૧ ટકા જગ્યાઓ બઢતીથી ભરાયેલ છે.

૧૭. સમિતિએ રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરાવવા બાબતે પૃચ્છા કરતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, જુલાઇ–૨૦૨૩માં કુલ ૮ પ્લાન્ટના

રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત થઇ ચૂક્યા છે, જ્યારે ૩ પ્લાન્ટના રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરાવવાની કાર્યવાહી બાકી છે. સમિતિએ બાકીના રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરાવીને સત્વરે સમિતિને જાણ કરવા જણાવ્યું હતું.

૧૮. અનુસૂચિત જાતિના ઉમેદવારોથી ભરવાપાત્ર જગ્યાઓ કરતા વધારે જગ્યાઓ અનુસૂચિત જાતિના ઉમેદવારોથી ખરેખરમાં ભરવામાં આવેલ છે તેના કારણો રજૂ કરવા બાબતે સમિતિએ પૃચ્છા કરેલ હતી. આ બાબતે વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, કુલ જગ્યાઓમાંથી ૭ ટકા અનામતના લાભ મેળવેલ અનુસૂચિત જાતિના ઉમેદવારો સીધી ભરતી/બઢતી પામેલા છે. આ ઉપરાંતના અનુસૂચિત જાતિના ઉમેદવારો જનરલ કેટેગરીના મેરીટ પર પસંદગી પામેલા છે. સમિતિએ માત્ર ૭ ટકા અનામતના લાભ મેળવેલ અનુસૂચિત જાતિના ઉમેદવારોની વિગત સાથેનું સાહિત્ય મોકલી આપવા જણાવી ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડની તપાસ પૂર્ણ કરી હતી.

**ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ**

૧૯. સમિતિની તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના વિવિધ સંવર્ગના મહેકમમાં રોસ્ટર પોઈન્ટ બાબતે પૃચ્છા કરતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, હાલમાં નિગમમાં વર્ગ–૧ થી વર્ગ–૪ માં ૭ ટકા અનુસૂચિત જાતિ માટેના અનામતના ધોરણોનું પાલન થાય છે. વર્ગ–૧ માં સીધી ભરતી કરવામાં આવતી ન હોઇ તે સિવાયના વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪ માં ૭ ટકાનો રેશિયો જાળવવામાં આવેલ છે.

૨૦. સમિતિએ બઢતીથી ભરાયેલ જગ્યાઓમાં અનુસૂચિત જાતિના પ્રતિનિધિત્વ બાબતે પૃચ્છા કરતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, વર્ગ–૧ થી વર્ગ–૪ માં સદરહુ રેશિયો અનુક્રમે ૮ ટકા, ૧૧ ટકા, ૧૫ ટકા અને ૧૩ ટકા છે. સમિતિએ માત્ર ૭ ટકા અનામતના લાભ મેળવેલ અનુસૂચિત જાતિના ઉમેદવારોની વિગત સાથેનું સાહિત્ય પૂરું પાડવા જણાવેલ હતું.

૨૧. સમિતિએ ટેમ્પરરી ફીટનેસના આધારે અપાતી નિમણૂક બાબતે પૃચ્છા કરતા વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, નિગમનો એવો નિયમ છે કે તમે ફીટ અથવા અનફીટ હોવા જોઈએ. કંડીશનલ ફીટનેસના આધારે કોઈ બઢતી કરવામાં આવતી નથી. ડૉક્ટર દ્વારા ટેમ્પરરી ફીટનેસ આપવાના કિસ્સામાં ઉમેદવારને નિયુક્તિ આપવામાં આવતી નથી. વિભાગ/નિગમના પ્રતિનિધિએ જણાવેલ કે, ટેમ્પરરી/કંડીશનલ ફીટનેસ સંબંધના કુલ ૧૦ ઉમેદવાર છે અને બધાનો એકસમાન નિર્ણય થયો છે. એટલે કે, ઉક્ત દસ પૈકી એકપણ ઉમેદવારને નિયુક્તિ આપવામાં આવેલ નથી. સમિતિએ આ માહિતી સહિત ટેમ્પરરી/કંડીશનલ ફીટનેસ અંગે કોઈ ઠરાવ કે પરિપત્ર હોય તો તે મોકલી આપવા જણાવી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડની તપાસ પૂર્ણ કરી હતી.

૨૨. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિકારીઓ તેમજ વિભાગ હસ્તકના તપાસ હેઠળના નિગમોના પ્રતિનિધિઓએ સમિતિની રૂબરૂ તપાસ દરમિયાન સમિતિ સમક્ષ સમયસર ઉપસ્થિત રહીને માહિતી પૂરી પાડી તેમજ સમિતિને સહકાર આપ્યો તે બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૨૩. વિભાગની તપાસ દરમિયાન સમિતિને કામકાજમાં મદદરૂપ થવા બદલ ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

મનીષા વકીલ
કાર્યકારી પ્રમુખ
અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

ગાંધીનગર
તા.૨૧/૦૮/૨૦૨૪

## સમિતિની ભલામણો/અવલોકનો

| અ.નં. | નિગમનું નામ | ફકરા ક્રમાંક | ભલામણો/અવલોકનોનો સારાંશ |
|---|---|---|---|
| ૧ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ | ૮ | તદ્અનુસાર ઠરાવેલ અનામતની ટકાવારી અનુસાર સીધી ભરતી હોય કે બઢતી હોય અનુસૂચિત જાતિનો ૭ ટકાનો જે રેશિયો છે તે જળવાઈ રહે તે માટે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા માટે સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ | ૧૧ | સમિતિ ભલામણ કરે છે કે, રોસ્ટર રજિસ્ટર પ્રમાણિત કરી અદ્યતન રોસ્ટર રજિસ્ટર અંગે સમિતિને જાણ કરવામાં આવે અને ગુજરાત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડમાં તમામ સંવર્ગમાં રોસ્ટર મુજબ ખાલી રહેલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે. |
| ૩ | ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ | ૧૪ | અનામતની ટકાવારી અનુસાર સીધી ભરતી હોય કે બઢતી હોય, અનુસૂચિત જાતિનો ૭ ટકાનો જે રેશિયો છે તે જળવાઈ રહે તે માટે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા માટે સમિતિ ભલામણ કરે છે. |